# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


**સુધારા પરિપત્ર**

જા.નં.મા-૨/શ્રેષ્ઠ શિક્ષક/૨૦૨૫/4666-70 તા.૦૧/૦૫/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાતય સુરત,
શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, મહાનગરપાલિકા, સુરત
આચાર્યશ્રી, સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક શાળાઓ, તમામ
આચાર્યશ્રી, સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, તમામ
આચાર્યશ્રી, વિકલાંગ બાળકોની શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવવા માટેની તારીખમાં સુધારા બાબત.

**સંદર્ભ:-**પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરમાં પત્રાંક: પ્રાશિનિ/જ/રાજય એવોર્ડ/૨૦૨૫/૧૬૬૯-૧૭૭૮ તા.૨૪/૦૪/૨૦૨૫

જયભારત સહ જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મેળવવા માટેની દરખાસ્તમાં તારીખ સુધારા કરવામાં આવેલ છે. સુધારેલ ગાંધીનગરનો તા.૨૪/૦૪/૨૦૨૫નો પત્ર સામેલ છે. આપના તાબા હેઠળના શિક્ષકશ્રી, આચાર્યશ્રી, મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, સી.આર.સી., બી.આર.સી, એચ.ટાટા મુખ્ય શિક્ષક, કેળવણી નિરીક્ષકશ્રી, મદદનીશ કેળવણી નિરીક્ષકશ્રીને કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

સુધારા પરિપત્ર

ક્રમાંક:પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૫/૧૬૬૯- -૧૬૯૮
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જી. મ. ભ.,
ગુ.રા., ગાંધીનગર, તા. ૨૪/૦૪/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,
શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- સને ૨૦૨૫-૨૬ માટે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકની દરખાસ્ત મેળવવા માટેની કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સી.ફા.-૦૪/ક
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૦/૦૬/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૨૧/સી.ફા.-૦૪/ક
(૩) અત્રેની કચેરીના તા.૨૨/૦૪/૨૦૨૫ના પત્રાંક:પ્રાશિનિ/જ/રાજ્ય એવોર્ડ/૨૦૨૫/૧૫૩૦-૧૬૧૨

ઉપરોક્ત વિષયે અને સંદર્ભ(૧), (૨) અને (૩)અન્વયે રાજ્ય કક્ષાના પારિતોષિક શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડની તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ કાર્યવાહી કરવા જણાવેલ. જિલ્લા કક્ષાએથી સદર બાબતે મળેલ રજૂઆતના આધારે નીચે દર્શાવ્યા મુજબ સમયગાળામાં કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | કરવાની થતી કાર્યવાહી | સમયગાળો |
|---|---|---|
| ૧ | રાજ્ય કક્ષાના પારિતોષિક માટે જિલ્લા શિક્ષણાધિકારીને નિયત નમૂનામાં દરખાસ્ત કરવાની રહેશે . | તા. ૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં |
| ૨ | રાજ્ય પારિતોષિક માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ જિલ્લા કક્ષાએ મળેલ દરખાસ્તો પસંદ કરવાની સમયમર્યાદા. | તા.૨૩/૦૬/૨૦૨૫ સુધીમાં |
| ૩ | જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય કક્ષાના પારિતોષિક માટે પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને ભલામણ કરેલ દરખાસ્ત રૂબરૂમાં મોકલી આપવાની રહેશે. | તા.૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં |
| ૪ | તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાની દરખાસ્તો જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીને રજૂ કરવાની રહેશે | તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં |
| ૫ | જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ તાલુકા અને જિલ્લાના પારિતોષિકની પસંદગી પૂર્ણ કરવાની રહેશે. | તા.૨૩/૦૬/૨૦૨૫ સુધીમાં |

(ડૉ. એમ. આઇ જોષી)
નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય (સ્વર્ણિમ સંકુલ – ૧)
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય (સ્વર્ણિમ સંકુલ – ૨)
- માન. સચિવશ્રી, (પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર

ક્રમાંક:પ્રાશિનિ/જા/રાજયએવોર્ડ/૨૦૨૫/૧૭૧૮
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા. ૨૮/૦૪/૨૦૨૫

પ્રતિ,
નિયામકશ્રી,
માહિતી નિયામકશ્રીની કચેરી,
બ્લોક નં.-૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર

વિષય:-શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક – ૨૦૨૫ અંગેની સુધારા જાહેરાત આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ૫-મી સપ્ટેમ્બર – ૨૦૨૫ નાં રોજ રાજ્યનાં શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવામાં આવનાર છે, જે અન્વયે, રાજ્યની સરકારી, બિન સરકારી અનુદાનિત, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં શિક્ષકોને જાણ કરવા અંગેની જાહેરાત આ સાથે ચાર નકલમાં સામેલ છે. ગુજરાત રાજ્યમાં બહોળો પ્રચાર પ્રસાર ધરાવતાં નીચેના દૈનિક તા.૨૫/૦૪/૨૦૨૫ નાં રોજ પ્રસિધ્ધ થાય તેવી વ્યવસ્થા કરવા વિનંતી.

(૧) દિવ્ય ભાસ્કર (સંયુક્ત આવૃતિ)
(૨) સંદેશ સમાચાર (સંયુક્ત આવૃતિ)

ઉક્ત દર્શાવેલ યાદી મુજબનાં જ દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપવા વિનંતી છે. આ દરેક દૈનિક પત્રોની પસંદગી ગુજરાતની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. ઉપરોક્ત જાહેરાતનાં બીલો આ કચેરીને ઉપર જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.

(ડૉ. એમ. એન. પટેલ)
નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી
ગુ.રા. ગાંધીનગર

બીડાણ:- જાહેરાત.(ચાર નકલમાં) સોફ્ટકોપી સાથે.

## તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે દરખાસ્ત મંગાવવાની સુધારા જાહેરાત

તાલુકા જિલ્લા અને રાજ્ય કક્ષાના એવોર્ડ માટે દરખાસ્ત મંગાવવા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા તા.૨૪/૦૪/૨૦૨૫ના રોજ જાહેરાત આપવામાં આવેલ. જેમાં સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૯/૦૫/૨૦૨૨ના ઠરાવ અને તા.૧૦/૦૬/૨૦૨૪ના સુધારા ઠરાવ અન્વયે તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ પારિતોષિક મેળવવા માટે તા.૦૧/૦૫/૨૦૨૫ ને બદલે તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીમાં દરખાસ્ત કરવાની રહેશે.

સ્થળ: ગાંધીનગર

તારીખ: /૦૪/૨૦૨૫

(ડો.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર